# ઉચ્ચતર પ્રાથમિક શાળા કક્ષાના વિદ્યાર્થીઓની પુસ્તકાલય ઉપયોગ પ્રત્યેની ઉદાસીનતાના કારણોનો અભ્યાસ

જયેશ જે. પટેલ
ઉ.પ્રા.શિ. તલોદગામ પ્રા.શાળા
જિ. સાબરકાંઠા

## ૧. પ્રસ્તાવના

પુસ્તકાલય એ જ્ઞાનનો અખૂટ ખજાનો છે. તેના ઉપયોગથી બાળકોના જ્ઞાન, બુધ્ધિ, તર્ક ચિંતન, શબ્દ ભંડોળ જેવા કૌશલ્યોનો વિકાસ થાય છે તે નિર્વિવાદ બાબત છે. પ્રાથમિક શિક્ષક તરીકે મારા સેવાકાળ દરમ્યાન મારી શાળામાં વિદ્યાર્થીઓ પુસ્તકાલયના ઉપયોગથી સાવ અલિપ્ત રહેતા જોયા આ સમસ્યા માટે કયા કારણો જવાબદાર છે ? વિદ્યાર્થીઓ પુસ્તકાલય ઉપયોગ કેમ કરતા નથી તે મારી ચિંતા અને ચિંતનનો વિષય બન્યા. પાયલોટ સ્ટડી ધ્વારા તેના કારણો જાણવા મેં અને મારા સહકર્મચારી મિત્રોએ પ્રયત્નો કર્યા અને તેના ભાગરૂપે પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતુ.

## ૨. સમસ્યા શીર્ષક

"ઉચ્ચતર પ્રાથમિક શાળા કક્ષાના વિદ્યાર્થીઓની પુસ્તકાલય ઉપયોગ પ્રત્યેની ઉદાસીનતાના કારણોનો અભ્યાસ "

## ૩. સમસ્યા ક્ષેત્ર

**શાળા :** તલોદગામ પ્રાથમિક શાળા તા.તલોદ જિ.સાબરકાંઠા.
**ધોરણ :** ૬ થી ૮ (ઉચ્ચતર પ્રાથમિક શાળા)
**વિષય:** પુસ્તકાલય ઉપયોગ પ્રત્યે ઉદાસીનતા
**ક્ષેત્ર :** ભૌતિક સુવિધા ઉપયોજન
**નિદર્શ:** ૭૫ કુમાર + ૬૬ કન્યા = ૧૪૧ કુલ

## ૪. સમસ્યાનાં સંભવિત કારણો

| ક્રમ | સંભવિત કારણો | હકીકત | ધારણા |
|---|---|---|---|
| ૧ | બાળકો પુસ્તકાલયનું મહત્વ જાણતા નહી હોય | | √ |
| ૨ | બાળકોને પ્રિય અને મનગમતા પુસ્તકો ઉપલબ્ધ નહી હોય | | √ |
| ૩ | શિક્ષકો તરફથી પુસ્તકાલયના ઉપયોગની પ્રેરણા નહી મળતી હોય | | √ |
| ૪ | પુસ્તકાલયનો સમય અનુકૂળ નહી હોય | √ | |
| ૫ | ઈન્ચાર્જ શિક્ષક પુસ્તકની આપલે માટે દુર્લક્ષ સેવતા હશે | | √ |
| ૬ | મુકત ધ્વારા પુસ્તકાલય પ્રવેશ પધ્ધતિ નહી હોય | √ | |
| ૭ | પુસ્તકની સરળતાથી આપલે ન થઈ શકતી હોય | √ | |
| ૮ | પુસ્તકાલયમાં બેઠક વ્યવસ્થા યોગ્ય નહી હોય | √ | |
| ૯ | પુસ્તક લેવા માટેના સમયે ઈન્ચાર્જ શિક્ષક ઉપલબ્ધ ન હોય | | √ |
| ૧૦ | પુસ્તક ઈન્ચાર્જ તરફથી નબળો પ્રતિસાદ | | √ |

## ૫.પાયાની જરૂરી માહિતી

- પુસ્તકાલય ઉપયોગ અંગે શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે ચર્ચા.
- શાળામાં પુસ્તકાલય વ્યવસ્થાની તપાસ
- પુસ્તકની આપ–લે માટેની વ્યવસ્થાની તપાસ
- પુસ્તકાલયમાં બાળવાચનના પુસ્તકોની તપાસ
- પુસ્તકાલયમાં બેઠક વ્યવસ્થાની તપાસ
- પુસ્તકાલયના ઉપયોગ અંગે સમય ફાળવણીની તપાસ

## ૬. ઉત્કલ્પના

- જો બાળકોને પુસ્તકાલયનું મહત્વ સમજાવવમાં આવે તો બાળકો પુસ્તકાલયના ઉપયોગ પ્રત્યે ઉત્સાહી બને.
- જો પુસ્તકાલયમાં બાળવાચન વિશેષના પુસ્તકો હોય તો બાળકો પુસ્તકાલયના ઉપયોગ પ્રત્યે ઉત્સાહી બને.
- જો શિક્ષકો તરફથી પુસ્તકાલયના ઉપયોગની પ્રેરણા મળે તો બાળકો પુસ્તકાલયના ઉપયોગ પ્રત્યે ઉત્સાહી બને.
- જો બાળકોને પુસ્તકાલયનું સમય અનુકુળ હોય તો બાળકો પુસ્તકાલયના ઉપયોગ પ્રત્યે ઉત્સાહી બને.
- જો બાળકોને પુસ્તકની આપ–લે માટે સરળતા રહે તેવી વ્યવસ્થા કરવામાં આવે તો બાળકો પુસ્તકાલયના ઉપયોગ પ્રત્યે ઉત્સાહી બને.

## ૭. પ્રયોગ કાર્યની રૂપરેખા

| ક્રમ | સમય | પ્રવિધિ | ઉપકરણ | ઉપચારકાર્ય |
|---|---|---|---|---|
| ૧ | દરરોજ | વ્યાખ્યાન | – | પ્રાર્થનાસભામાં વાચનનુ મહત્વ સમજાવવું. |
| ૨ | દર મહિને ૧ વખત | પુસ્તક પ્રદર્શન | બાળવાર્તાના અને અન્ય પુસ્તકો | બાળકો બાળવાર્તાના પુસ્તકો પ્રત્યે રસ કેળવે. |
| ૩ | વિષય તાસ | સંદર્ભગ્રંથ ઉપયોગ | સંદર્ભ પુસ્તકો | બાળકો પુસ્તકાલયના સંદર્ભ ગ્રંથોનો ઉપયોગ કરતા થાય |
| ૪ | દરઅઠવાડિયે ૧ તાસ | પુસ્તક ઈસ્યુ | પુસ્તક ઈસ્યુ, રજીસ્ટર ઉપયોગ | વિદ્યાર્થીઓ પુસ્તકાલયનો લાભ લેતા થાય |
| ૫ | મહિનામાં ૧ દિવસ | પુસ્તકાલય વ્યવસ્થાપન | પુસ્તકોની ગોઠવણી બેઠક વ્યવસ્થા તથા પુસ્તકો | વિદ્યાર્થીઓ પુસ્તકાલય અને સરળ ઉપયોગ |

## ૮. મૂલ્યાંકન

| ક્રમ | વિગત | પ્રયોગકાર્ય પૂર્વના પ્રાંપ્તાંકોની સરાસરી | પ્રયોગકાર્ય પછીના પ્રાપ્તાંકોની સરાસરી |
|---|---|---|---|
| ૧ | પુસ્તક વાચન અને પુસ્તકાલયના ઉપયોગ અંગે સમજ | ૧૦% | ૩૦% |
| ૨ | પુસ્તક પ્રદર્શન | ૧૦% | ૫૦% |
| ૩ | વર્ગખંડ શિક્ષણમાં સંદર્ભ પુસ્તકોની ઉપયોગ માટે પ્રેરણા | ૧૦% | ૩૦% |
| ૪ | પુસ્તકાલયના ઉપયોગ માટે ચોકકસ સમયની ફાળવણી | ૧૦% | ૮૦% |
| ૫ | મુકત પુસ્તકાલય ઉપયોગ પ્રણાલી | ૧૦% | ૮૦% |
| ૬ | પુસ્તકાલયની વ્યવસ્થાપન | ૧૦% | ૮૦% |

### ૯. સંશોધનનાં તારણો

- પુસ્તકાલય મહત્વ અંગે સમજ આપ્યા પછી વિદ્યાર્થીઓમાં પુસ્તકાલયના ઉપયોગમાં ૨૦% વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધ્યો.
- પુસ્તક પ્રદર્શન કારણે ૪૦% વિદ્યાર્થીઓમાં પુસ્તકાલયના ઉપયોગમાં ૨૦% વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધ્યો.
- વર્ગખંડ શિક્ષણમાં પુસ્તકાલય ઉપયોગ પ્રવિધિ અપનાવતા ૨૦% બાળકો શિક્ષણમાં સંદર્ભ પુસ્તકોનો ઉપયોગ કરતાં થયા.
- પુસ્તકાલયના ઉપયોગ માટે ચોકકસ સમયની ફાળવણી કરતા ૮૦% બાળકો ફરજીયાત પુસ્તકાલયનો ઉપયોગ કરતાં થયા.
- મુકત પુસ્તકાલય ઉપયોગ પ્રણાલીથી બાળકો રિસેસના સમય દરમ્યાન પણ પુસ્તકાલયનો ઉપયોગ કરતાં થયાં.
- મુકત પુસ્તકાલય પ્રણાલીથી વિદ્યાર્થી સ્વયં પુસ્તકાલયનું સંચાલન કરતા થયા.
- પુસ્તકાલયનું સુચારૂ વ્યવસ્થાપન ગોઠવતા ૮૦% વિદ્યાર્થીઓ પુસ્તકાલયનો લાભ લેતા થયાં.
- પુસ્તકાલયના વ્યવસ્થાપન પછી વિદ્યાર્થી દીઠ સરેરાશ ૧૬ પુસ્તકો ઈસ્યુ બુકમાં નોંધાયા અને પુસ્તકાલયનો ઉપયોગ ૮૦% વધ્યો.

### ૧૦. અનુકાર્ય

- પ્રાર્થનાસભામાં 'પુસ્તકોનું જીવનમાં મહત્વ' અંગે પ્રેરણા પ્રવચન આપવું.
- સમયાંતરે પુસ્તક પ્રદર્શન, પુસ્તક રસદર્શન કાર્યક્રમ ગોઠવવો.
- વર્ગખંડ શિક્ષણમાં પુસ્તકાલય ઉપયોગની રમતો તથા સંદર્ભ પુસ્તકોનો ઉપયોગ વધે તેવી પ્રવૃતિ કરવી.
- સમયાંતરે પુસ્તકાલય વ્યસ્થાપનની ચકાસણી કરવી.
- દર માસે શ્રેષ્ઠ વાચક તરીકે પ્રાર્થના સભામાં વિદ્યાર્થીને સન્માન આપવું.
- બાળકોની સિધ્ધિ કે સન્માનમાં પુસ્તકોની ભેટ આપવી.